# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં), જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, અમદાવાદ-૧.**


**ટ્રસ્ટી મંડળ**

**જ્ઞાતિ**

**શ્રી નવનીતભાઈ ગો. ચોકસી**
**શ્રી ચંદ્રકાંતભાઈ પુ. મહેતા**
**શ્રી દિપકભાઈ દ. શેઠ**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**ઓફીસ :** ૧૯૮૭, ફાફડાની પોળ, સારંગપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૬૧૧૩, ૨૨૧૪૭૫૩૯
**રહેઠાણ :** ૪, સહજાનંદ બંગલોઝ,
કર્ણાવતી ક્લબની સામે, રામદેવનગર,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૩૫૧૪

**યુવક મંડળ**

**શ્રી રજનીકાંતભાઈ ક. ચોકસી**
**શ્રી સુહાષભાઈ વા. મહેતા**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**શ્રી અરૂણભાઈ ક. ઝવેરી**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
એ/૧૫, ત્રીજે માળ, અક્ષય એપાર્ટમેન્ટ,
જુની એ.ડી.સી. બેંક સામે, પંચાયત ઓફીસ પાસે,
વસ્ત્રાપુર ગામ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મોબાઈલ : ૯૮૨૫૪ ૩૮૧૭૪


## ઓમકારેશ્વર-ઈન્દોર-ઉજ્જૈન-ડાકોર ૨x૨ બસ યાત્રા પ્રવાસ

તા. ૧૮-૧૧-૧૦

સ્નેહીશ્રી જ્ઞાતિજનો,

આપશ્રીને સહર્ષ જણાવવાનું કે જ્ઞાતિજનો માટે આયોજીત યાત્રા પ્રવાસમાં આપ સૌના સાથ-સહકાર અને સહયોગ થકી ક્રમશઃ વધુ સારા અને સુવિધાસભર આયોજનોને વેગ મળી રહેલ છે. જેનો અમને ગર્વ અને આત્મસંતોષ છે.

આગામી **તા. ૨૨-૧૨-૧૦ થી તા. ૨૬-૧૨-૧૦ દરમ્યાન ફક્ત જ્ઞાતિજનો માટે આયોજીત ઓમકારેશ્વર-ઈન્દોર-ઉજ્જૈન-ડાકોર યાત્રા પ્રવાસ**ની વિસ્તૃત માહિતી તા. ૨૦-૧૦-૧૦નાં રોજ સરક્યુલર દ્વારા આપને મોકલાવેલ. તે અનુસંધાને બહોળી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ તથા ખાસ કરીને વડીલો દ્વારા થયેલ રજુઆતો, માંગણી અને આ યાત્રા પ્રવાસ અંગે મળેલ અનુદાનને ધ્યાને લઈ નીચે મુજબનાં કેટલાક ફેરફાર કરવામાં આવેલ છે. જેથી મહત્તમ જ્ઞાતિ બંધુઓ તથા વડીલો સુવિધાસભર યાત્રા પ્રવાસમાં જોડાઈ શકે. આશા છે કે આપશ્રી આ આયોજનમાં જરૂરથી સહભાગી થશો.

- યાત્રા પ્રવાસ માટે ૩X૨ નાં બદલે **૨X૨** ની બસ રહેશે.
- ૩ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ માટે રૂા. ૨,૧૦૦/- જમા કરાવવાનું રહેશે.
- કુટુંબ દીઠ - ગ્રૃપ દીઠ ફોર્મ સ્વીકારી તે મુજબ બેઠક વ્યવસ્થા કરવામાં આવશે.
- વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.

### યાત્રા પ્રવાસ અંગેન ફોર્મ રજુ કરવાની તારીખ - સમય - સ્થળ

**તા. ૪-૧૨-૨૦૧૦, શનિવારે સાંજે ૭-૦૦ થી ૮-૦૦ કલાક તથા**
**તા. ૫-૧૨-૨૦૧૦, રવિવારે સવારે ૧૦-૩૦ થી ૧૨ કલાક સુધી જ**
**સ્થળ : જ્ઞાતિ કાર્યાલય, જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ.**

### -: યાત્રા પ્રવાસ માટે મળેલ અનુદાનની વિગત :-

**રૂા. ૧૫,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**
**રૂા. ૫,૦૦૦/- શ્રી દીપકભાઈ દશરથભાઈ શેઠ**

### -: સ્પોનરશીપની વિગત :-

| | |
|---|---|
| **એક દિવસના સંપૂર્ણ ખર્ચના** | **રૂા. ૧૫,૦૦૦/-** |
| **એક વખતના મિષ્ટ ભોજનનાં** | **રૂા. ૫,૦૦૦/-** |
| **એક વખતના સાદા ભોજનનાં** | **રૂા. ૩,૫૦૦/-** |
| **એક વખત નાસ્તાનાં** | **રૂા. ૧,૦૦૦/-** |
| **એક વખત ચ્હાનાં** | **રૂા. ૫૦૦/-** |

આ ઉપરાંત અન્ય કોઈપણ ભેટ/અનુદાન આવકાર્ય છે.

**ખાસ નોંધ : આ યાત્રા પ્રવાસનો કાર્યક્રમ, તેની માહિતી તથા સુચના અગાઉના સરક્યુલર મુજબ યથાવત રહેશે, તેની નોંધ લેવા વિનંતી.**

**આપણી જ્ઞાતિ હાલમાં જ ફેડરેશન મોઢ વણીક સમાજ જે ૮૦-જીનું સર્ટીફીકેટ ધરાવતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેમાં સભ્ય થયેલ છે. આ સંસ્થામાં આપણી જ્ઞાતિની જેમ અન્ય ૫૩ જેટલી વિવિધ મોઢ જ્ઞાતિના મંડળો સંકળાયેલ છે, જેની સભ્ય સંખ્યા ૧૯,૦૦૦થી વધુ છે. જે અંગ્રેજી વિસ્તૃત માહિતી તેમની વેબસાઇટ www.modhvanikfederation.com પરથી મળી શકશે.**

**આ સંસ્થામાં સભ્ય થયેથી આપણી જ્ઞાતિના સર્વે લ્હાણાદારો-કુટુંબોની વિસ્તૃત માહિતી તેની વેબસાઇટ પર મુકવામાં આવશે તથા તેનાં વિવિધ લાભો પણ જ્ઞાતિના કુટુંબોને મળી શકશે. જેમાં ઉચ્ચ કેળવણી માટેની વગર વ્યાજની લોન, લગ્ન વિષયક નિઃશુલ્ક જાહેરાતો-મેળાવડા, યાત્રા પ્રવાસ તથા અન્ય પ્રવૃત્તિઓઓ સમાવેશ થાય છે. વધુમાં આ સંસ્થા દ્વારા દર માસે નિયમીત ધોરણે વિવિધ, બાબતોને આવરી લેતું માહિતી સભર મેગેઝીન પ્રકાશીત કરવામાં આવે છે. જે આપણી જ્ઞાતિનાં સભ્યોને આગામી જાન્યુ.-૨૦૧૧ થી મળશે. આ અનુસંધાને આ સાથે સામેલ કરેલ ફોર્મ તમામ માહિતી ભરીને જ્ઞાતિ કાર્યાલયે/કારોબારી સભ્યને મોકલવું આવશ્યક છે. જેથી સામેલ કરેલ ફોર્મ ધ્યાને લઈ ઘટતું કરવા નમ્ર વિનંતી છે.**

વધુમાં જણાવવાનું કે તા. ૧૩-૧૦-૧૦નાં રોજ જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળનાં સંયુક્ત ઉપક્રમે શ્રી દિપકભાઈ દશરથભાઈ શાહનાં અધ્યક્ષ સ્થાને તથા શ્રી ધર્મેન્દ્રભાઈ ચંપકલાલ શાહનાં અતિથિ વિશેષ પદે યોજાયેલ ભવ્યાતિત નૂતનવર્ષ મિલન સમારંભમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે. જેમાં (૧) આ કાર્યક્રમમાં મહાનુભાવોએ પોતાના વક્તવ્યમાં આપણી જ્ઞાતિનાં શ્રેષ્ઠીઓ અને દાતાશ્રીઓએ સામાજીક ઉત્થાન અને વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં કરેલ સેવાકીય પ્રવૃત્તિઓમાં આપેલ યોગદાન અને દિશાસુચનોને બીરદાવેલ. **શ્રી ધર્મેન્દ્રભાઈએ જ્ઞાતિનાં સ્વમાલિકીનાં બિલ્ડીંગ બાબતે** સકારાત્મક વિચારણા અને તેનાં અમલી કરવાની દિશામાં યોગ્ય કરવા સૌને અપીલ કરેલ. જેને સાનુકુળ પ્રતિસાદ મળેલ અને આ અનુસંધાને બિલ્ડીંગ ફંડ માટે જ્ઞાતિબંધુઓ તરફથી નીચે જણાવેલ વિગતે અનુદાન જાહેર કરવામાં આવેલ છે.

રૂા.૧,૧૧,૧૧૧/- શ્રી બાલમુકુન્દભાઈ લાલાભાઈ ચોકસી
રૂા. ૧૧,૧૧૧/- સ્વ. ચંપકલાલ મગનલાલ શાહનાં સ્મરણાર્થે તેમનાં પરીવાર તરફથી
રૂા. ૧૧,૧૧૧/- સ્વ. જયવંતીકા ચંપકલાલ શાહનાં સ્મરણાર્થે તેમનાં પરીવાર તરફથી
રૂા. ૫,૦૦૧/- સ્વ. ચંદ્રકાન્તભાઈ મણીલાલ ચોકસીના સ્મરણાર્થે શ્રી દુષ્યંતભાઈ સી. ચોકસી તરફથી
રૂા. ૧,૦૦૧/- સ્વ. નટવરલાલ ગીરધરલાલ ચોકસીના સ્મરણાર્થે શ્રી વિનીત નટવરલાલ ચોકસી તરફથી

**ચાલુ સાલે જ્ઞાતિજનોએ આપેલ ડોનેશનની વિગત :**
**જ્ઞાતિ યુવક મંડળ :**

રૂા. ૨,૫૦૧/- સ્વ. ઉર્વશીબેન રાજેન્દ્રભાઈ ચોકસીના સ્મરણાર્થે. હસ્તે રાજેન્દ્રભાઈ સારાભાઈ ચોકસી
રૂા. ૨,૫૦૧/- સ્વ. સારાભાઈ ગોરધનદાસ શાહના સ્મરણાર્થે. હસ્તે રાજેન્દ્રભાઈ સારાભાઈ ચોકસી પરિવાર
રૂા. ૨,૫૦૧/- સ્વ. ઉર્મિલાબેન સારાભાઈ શાહના સ્મરણાર્થે. હસ્તે રાજેન્દ્રભાઈ સારાભાઈ ચોકસી

જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળની પ્રવૃત્તિઓમાં ઉપર જણાવેલ અનુદાન આપનાર તથા સાથ અને સહકાર આપનાર સર્વે જ્ઞાતિજનોનો આભાર.

આપનાં સહકાર અભિલાષી

**શ્રી નિષિધ બાલકૃષ્ણ ચોકસી**
મો.: ૯૮૭૯૪૯૮૭૬૫
શ્રી દ. મો. ગોભવા જ્ઞાતિ

**શ્રી આસીત નંદકિશોર શાહ**
મો: ૯૮૯૮૧૨૦૦૧૫
શ્રી દશા મોઢ ગો. જ્ઞા. યુવક મંડળ

BOOK POST
**PRINTED MATTER**

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**કાર્યાલય :** લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં), જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

## ઓમકારેશ્વર-ઈન્દોર-ઉજ્જૈન-ડાકોર ૩x૨ બસ યાત્રા પ્રવાસ

તા. ૨૦-૧૦-૧૦

સ્નેહીશ્રી જ્ઞાતિજનો,

આપશ્રીને વિદિત છે કે, છેલ્લા ઘણાં વર્ષોથી જ્ઞાતિ તથા યુવક મંડળ દ્વારા જ્ઞાતિજનોના પરસ્પર સાથ અને સહકાર થકી વિવિધ યાત્રા પ્રવાસનું નિયમિત રીતે આયોજન કરવામાં આવે છે. જેની સફળતાનાં પાયામાં આપનું અમુલ્ય યોગદાન અને સહયોગ હંમેશા પ્રેરણાત્મક રહેલ છે તેના અમો સાક્ષી અને ઋણી છીએ.

**આ ફળશ્રુતિનાં પર્યાય સ્વરૂપે જ્ઞાતિજનોની લાગણીને લક્ષમાં લઈ આગામી તા. ૨૨-૧૨-૨૦૧૦થી તા. ૨૬-૧૨-૨૦૧૦ દરમ્યાન જ્ઞાતિજનો માટે "ઓમકારેશ્વર-ઈન્દોર-ઉજ્જૈન-ડાકોર"ની યાત્રા પ્રવાસનું સુંદર આયોજન કરેલ છે.**

**યાત્રા પ્રવાસ અંગેનું ફોર્મ ભરીને આપવાની તારીખ, સમય અને સ્થળ**

**તા.: ૨૭-૧૧-૨૦૧૦ ને શનિવાર : સાંજે ૭-૦૦ થી ૮-૦૦ કલાક સુધી તેમજ**
**તા. ૨૮-૧૧-૨૦૧૦ને રવિવાર : સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ કલાક સુધી**
**સ્થળ : જ્ઞાતિકાર્યાલય, જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડિયા, અમદાવાદ-૧.**

**ખાસ નોંધ : યાત્રા પ્રવાસ માટે પાછળ જણાવેલ ફોર્મ ભરીને ૩ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ માટે વ્યક્તિ દીઠ રૂા.૧,૭૫૦/- જમા કરાવવાના રહેશે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.**

વધુમાં અગાઉના યાત્રા પ્રવાસ તથા અન્ય પ્રવૃત્તિઓનાં સફળ આયોજન અંગે આપ સર્વે જ્ઞાતિજનો દ્વારા મળેલ આર્થિક સહયોગ ઉપરાંત જ્ઞાતિજનોની મહેચ્છાને અનુમોદન આપીને આ યાત્રા પ્રવાસ નિમીત્તે નીચે જણાવેલ વિગતથી સ્પોન્સરશીપ તથા અન્ય અનુદાન સ્વીકારવાનું નક્કી કરેલ છે. જેમાં યથાશક્તિ સહયોગ આપવા તથા ભવિષ્યમાં પણ સક્રીય રહી યાત્રા પ્રવાસ સહિતના તમામ કાર્યક્રમમાં ભાગ લેવા અમારી નમ્ર અપીલ છે.

**સ્પોન્સરશીપની વિગત**

| | | | |
|---|---|---|---|
| **એક દિવસના સંપૂર્ણ ખર્ચના** | **રૂા. ૧૫,૦૦૦/-** | **એક વખતનાં નાસ્તાનાં** | **રૂા. ૧,૦૦૦/-** |
| **એક વખતનાં મિષ્ટ ભોજનનાં** | **રૂા. ૫,૦૦૦/-** | **એક વખતનાં ચ્હાનાં** | **રૂા. ૫૦૦/-** |
| **એક વખતનાં સાદા ભોજનનાં** | **રૂા. ૩,૫૦૦/-** | | |

આ ઉપરાંત અન્ય કોઈપણ ભેટ/અનુદાન આવકાર્ય છે.

આ સંદર્ભે ભેટ/અનુદાન આપવા નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા નમ્ર અરજ છે.

**શ્રી ઉપેન્દ્રભાઈ બી. ચોકસી .......... ૯૮૨૫૪ ૩૮૧૭૪**
**શ્રી અરવિંદભાઈ એમ. ચોકસી ....... ૯૪૨૭૬ ૦૭૯૭૬**
**શ્રી અલ્કેશભાઈ આઈ. ચોકસી ....... ૯૮૨૫૩ ૬૬૬૩૧**
**શ્રી યોગેશભાઈ એસ. ચોકસી ........ ૯૯૨૪૩ ૬૫૧૪૩**
**શ્રી રાજુલભાઈ આર. ચોકસી........ ૯૮૨૫૦ ૦૮૬૮૧**
**શ્રી નિશીતભાઈ બી. ચોકસી........ ૯૮૭૯૪ ૯૮૭૬૫**
**શ્રી આસીતભાઈ એન. શાહ ........ ૯૮૯૮૧ ૨૦૦૧૫**
**શ્રી નૈમેષભાઈ પી. ચોકસી .......... ૯૦૯૯૬ ૫૮૦૦૧**


જયશ્રી કૃષ્ણ



**Omkareshwar Temple**



**Mahakaleshwar Temple, Ujjain**



**Rachhodray Dakor**

**કાર્યક્રમની વિગત :**

**તા.: ૨૨-૧૨-૧૦ અમદાવાદથી માંડવગઢ (હિસ્ટોરીકલ પેલેસ), ઓમકારેશ્વર**
**તા.: ૨૩-૧૨-૧૦ માંડવગઢથી મહેશ્વર થઈ ઓમકારેશ્વર. રાત્રે ઈન્દોર પરત.**
**તા.: ૨૪-૧૨-૧૦ ઈન્દોર આખો દિવસ. સાંજે ઈન્દોરથી ઉજ્જૈન, રાત્રી રોકાણ ઉજ્જૈન**
**તા.: ૨૫-૧૨-૧૦ ઉજ્જૈન સાઈટ સીઈંગ, રાત્રે ઉજ્જૈનથી ડાકોર રવાના.**
**તા.: ૨૬-૧૨-૧૦ ડાકોર અને રાત્રે અમદાવાદ જે તે સ્થળે પરત.**

**ઉપર મુજબનો કાર્યક્રમ હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને એક સામાન્ય જાણકારી આપવા માટે આપવામાં આવેલ છે. જેમાં અનિવાર્ય સંજોગો ઉદ્‌ભવતા તે મુજબ ફેરફાર થશે, જેની જેની ખાસ નોંધ લેવી.**

**માહિતી અને સુચનાઃ**

- ઉપર જણાવ્યા મુજબના કાર્યક્રમમાં બસની મુસાફરી દરમ્યાન વ્યવસ્થાની તેમજ વ્યવહારૂ દ્રષ્ટિએ વિચારતા શક્ય હશે તે મુજબ ચા-નાસ્તો તથા જમણની વ્યવસ્થા કરવામાં આવશે.
- સામાન ખુબજ મર્યાદીત તથા જરૂર પુરતો જ રાખશો.
- યાત્રિકને આપેલા સીટ નંબર ઉપર જ બેસવાનું રહેશે.
- મુસાફરી દરમ્યાન વોટરબેગ, ટોર્ચ, જરૂરી દવાઓ સાથે રાખવી.
- પોતાની બેગોને સાંકળવડે બાંધવા સાંકળ તથા તાળુ-ચાવી સાથે રાખવા.
- કિંમતી ચીજવસ્તુઓ જેવાકે દાગીના, કેમેરા, મોબાઈલ, વિડીયો વગેરે વસ્તુઓ અને પોતાનો સામાન સાચવવાની જવાબદારી પોતાની અંગત રહેશે.
- ઓઢવા માટે ચાદર કે ચોરસો રાખવો. (બિસ્ત્રો ન લેવો.)
- યાત્રા દરમ્યાન કોઈપણ યાત્રિકે સંસ્થાના કાર્યક્રમ સિવાય કોઈપણ સ્થળે મુખ્ય સંચાલકને માહિતગાર કર્યા વગર જવું નહિ.
- યાત્રા દરમ્યાન દરેકે યાત્રિકે પોતાની સ્વજવાબદારી સ્વીકારીને તેમજ પોતાના જોખમે યાત્રા કરવાની રહેશે. યાત્રિકને કોઈપણ શારીરિક-આર્થિક નુકસાન થાય તો તેની જવાબદારી સંસ્થાની અને / અથવા સંચાલકોની રહેશે નહીં
- યાત્રા પ્રવાસ દરમ્યાન સંચાલક દ્વારા અન્ય કોઈ સુચના, જાણ કરવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.

**આપના સહકારાભિલાષી,**

**રોહિતભાઈ કે. શાહ - પ્રમુખ - રાજુલભાઈ આર. ચોકસી**
**અરવિંદભાઈ એમ. ચોકસી - ઉપપ્રમુખ - અલ્કેશભાઈ આઈ. ચોકસી**
**નિશીત બી. ચોકસી - માનદ્ મંત્રી - આસીત એન. શાહ**
**શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ**

✂- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -✂

**ફોર્મ નં.:** ____________

**કુટુંબના વડાનું પુરૂં નામ :** ____________

**પુરૂ સરનામું :** ____________ **ફોન નં.:**

____________ **મોબાઈલ નં.:**

| અ.નં. | પ્રવાસમાં આવનારનું નામ | હાલ ઉંમર | પુ/સ્ત્રી | રકમ |
|---|---|---|---|---|
| ૧ | | | | રૂા.૧,૭૫૦/- (વ્યક્તિ દીઠ) |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

**કુલ વ્યક્તિઃ** **કુલ રકમ :** **સહી :**